# અરવલ્લીમાં ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લા/તાલુકા પંચાયત તથા મોડાસા નગરપાલિકા વિસ્તારમાં આગામી તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીને લગતી તમામ તૈયારીઓ વહીવટીતંત્ર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. નવા સીમાંકન મુજબ જિલ્લાના ૩૦ જિલ્લા પંચાયત અને ૧૨૮ તાલુકા પંચાયતની બેઠકો માટે નક્કી થયેલ ૯૩૮ મતદાન મથકો દ્વારા ૩,૩૩,૩૩૫ પુરૂષ તથા ૩,૧૩,૧૯૧ અન્ય-૦૨ સ્ત્રી મળી કુલ ૬,૪૬,૫૨૮ નોંધાયેલા મતદારો મતદાન કરશે. જ્યારે મોડાસા નગરપાલિકાના ૯ વોર્ડ માટે ૨૩,૪૮૨ પુરૂષ અને ૨૨,૭૪૩ સ્ત્રી મળી કુલ ૪૬,૨૨૫ મતદારો નક્કી કરેલ ૬૩ બુથો મારફતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. પ્રસિદ્ધ કરવામાં આવેલ મતદાર યાદીમાં કોઈપણ મતદારોના નોમ ખોટી રીતે કમી થઈ ગયેલ નથી તેની સંપૂર્ણ ચકાસણી વહીવટીતંત્ર દ્વારા પુરી કરી દેવામાં આવી છે.

ચૂંટણી માટે ઉપયોગમાં લેવાની મતદારયાદીની માર્ક કોપીઓ તૈયાર કરતા પૂર્વ સુધારણા દરમ્યાન કમી થયેલ મતદારોના નામો સામે ડીલીટનો સીક્કો, સુધારો હોય તેની સામે હેઝનો સીક્કો અને સર્વીસ વોટર્સ તથા ચૂંટણી ફરજ ઉપરના મતદારો કે જેમણે પોસ્ટ દ્વારા મતદાન કરવાનો વિકલ્પ આપેલ છે અને તેમને પોસ્ટલ બેલેટ મોકલાવેલ છે. તેમના નામો સામે પીબીનો સીક્કો લગાવી ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદારયાદીની ઉપયોગમાં લેવાની આખરી નકલોની કામગીરી પુરી કરવા સહિત હરીફ ઉમેદવારોની હાજરીમાં ઈવીએમ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા/તાલુકા પંચાયતના કુલ ૯૩૮ મતદાન મથકો પૈકી ૨૧૧ સંવેદનશીલ અને ૧૭૭ અતિસંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવામાં આવે છે. જ્યારે નગરપાલિકા મોડાસા વિસ્તારના નક્કી થયેલ ૯ વોર્ડમાં ૬૩ બુથો પૈકી ૨૬ સંવેદનશીલ અને ૨૧ અતિસંવેદનશીલ મતદાન મથકો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જ્યાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા અને વિડીયોગ્રાફી સહિતની ગોઠવનારી વ્યવસ્થાને પણ આખરી ઓપ આપી દેવામાં આવી છે.

**અરવલ્લી જિલ્લાના કન્ટ્રોલરૂમના નંબરોની વિગત**

| | |
|---|---|
| જિલ્લા કક્ષાએ કલેક્ટર કચેરી અરવલ્લી | ૦૨૭૭૪-૨૪૭૮૧૧ |
| મોડાસા | ૦૨૭૭૪-૨૪૫૮૦૧ |
| મોડાસા | ૦૨૭૭૪-૨૪૬૨૦૦ |
| ધનસુરા | ૦૨૭૭૪-૨૨૩૯૩૨ |
| માલપુર | ૦૨૭૭૩-૨૨૩૦૪૧ |
| બાયડ | ૦૨૭૭૯-૨૨૨૦૦૬ |
| ભિલોડા | ૦૨૭૭૧-૨૩૪૫૨૪ |
| મેઘરજ | ૦૨૭૭૩-૨૪૪૩૨૮ |
| મોડાસા નગરપાલિકા માટે | ૦૨૭૭૪-૨૪૬૬૫૦ |


જિલ્લામાં મહત્તમ મતદાન નોંધાય તે માટેના મતદાર જાગૃતિ કાર્યક્રમ હેઠળના પ્રચાર અને પ્રસાર માટેના તમામ પ્રયત્નો પુરજોશમાં કરવામાં આવી રહ્યા છે. નોટાના અમલ અંગે પણ ઈવીએમ નિર્દેશન ટુકડીઓ નગરપાલિકા વિસ્તાર સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં કેમ્પના આયોજન કરી પુરતી સમજ આપી રહી છે. મતદારોની સહાયતા માટે મતદાર યાદીમાં તેઓની વિગતોની જાણકારી માટે તમામ તાલુકા મથકે અને જિલ્લા કચેરી ખાતે ટેલીફોન નંબર આ સાથે સામેલ કરવામાં આવેલ છે. તે મુજબ મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય ચૂંટણી આયોગ તરફથી પણ તેઓની વેબ સાઈટ **sec.gujarat.gov.in** ઉપર સર્ચ ફેસીલીટી કાર્યરત કરવામાં આવેલ છે. જે દ્વારા કોઈ પણ મતદાર જાતે પોતાની વિગતો જાણી શકશે.

આગામી તા. ૨૯-૧૧-૨૦૧૫ના રોજ જિલ્લા/તાલુકા પંચાયત અને નગરપાલિકા વિસ્તારમાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાનાર ચૂંટણી મહત્તમ મતદાન કરે તે માટે તમામ મતદારોને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અરવલ્લી દ્વારા નમ્રપણે જાહેર અપીલ કરવામાં આવી છે.

# શામળાજી મંદિરને ફરી ઉડાવી દેવાની ધમકી, તંત્ર દોડતુ થયુ

શામળાજી, તા. ૨૭

વડોદરાથી પોસ્ટ કરાયેલા પત્રમાં અંબાજી રોપ વે,વીરપુર જલારામ મંદિરમાં પણ બોમ મુકાયાની ધમકી શામળાજી મંદિરમાં બોમ મુકવામાં આવ્યો હોવાનો ફરી એક ધમકીભર્યો પત્ર મળતા તંત્ર દોડતુ થઈ ગયું છે. પત્રમાં વીરવીર જલારામ મંદિર અને અંબાજી રોપ વે ને આવતીકાલે ઉડાવી દેવાની પણ ધમકી અપાઈ છે કે શામળાજી મંદિરમાં બોમ મુકાયો છે અને અમારે ચામુંડા માતા ચોટીલા અને વીરપુર જલારામ મંદિરને પણ બોમથી ઉડાવી દઈશુ. આ સિવાય પત્રમાં અંબાજી રોપ વેને આવતીકાલે રાત્રે બોમથી ઉડાવી દેવાની પણ ધમકી અપાઈ છે. પત્ર મળતા તરત જ પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




ધમકી અપાઈ છે. આ પત્ર વડોદરાથી પોસ્ટ થયો છે. બપોરે ૧૨.૩૦ થી ૧.૦૦ કલાકની વચ્ચે આ પત્ર ટપાલથી મળ્યો હતો. શામળાજી ટેમ્પલ ટ્રસ્ટના મેનેજર પુષ્કર પટેલના નામે લખાયેલા આ પત્રમાં ઉલ્લેખનીય છે કે અગાઉ બે વખત પણ આના ધમકીભર્યા પત્ર મળી ચુક્યા છે. ત્યારે એસઆરપી અને પોલીસનો સુરક્ષા મંદિરમાં મુકાઈ હતી. પણ અત્યારે ચૂંટણીના કારણે મંદિરની સુરક્ષા રામ ભરોસે છે.

# પાલનપુર નગરપાલિકા ચૂંટણી જંગ પરાકાષ્ટાએ : શંકરભાઈ ચૌધરીનો રોડ શો યોજાયો

પાલનપુર, તા. ૨૭

૨૯મી નવેમ્બરે પાલનપુર જનતા પાર્ટી દ્વારા આજે પાલનપુર ખાતે બેચરપુર કૈલાસમંદિર પાસેથી રોડ શોનું પસાર થયેલા રોડ શો એ ભારે આકર્ષણ જમાવ્યું હતું અને ઠેર ઠેર મંત્રીશ્રીનું



નગરપાલિકાની યોજાનારી ચૂંટણીમાં આજે પ્રચારના પડઘમ શાંત થાય એ પહેલાં રાજ્યના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ અભૂતપૂર્વ મહારેલી સાથે રોડ શો યોજીને સમગ્ર પાલનપુર શહેરમાં કેસરીયો માહોલ સર્જ્યો હતો.

પાલનપુર શહેર ભારતીય આયોજન કરવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં યુવાનોની બાઈક રેલીને રાજ્યના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રસ્થાન કરાવીને સ્વયં પણ રેલીમાં ઉપસ્થિત રહીને પાલનપુર શહેરમાં રોડ શો યોજ્યો હતો. શહેરના લગભગ તમામ વોર્ડમાંથી સ્થાનિક સોસાયટીઓના રહીશોએ સ્વાગત સન્માન કરીને વ્યાપક આવકાર આપ્યો હતો. અભૂતપૂર્વ મેદની સાથે યોજાયેલી આ રેલીથી સમગ્ર શહેરમાં કેસરીયો માહોલ સર્જાયો હતો. જેના પરીણામે કોંગ્રેસમાં ભારે હતાશાનું વાતાવરણ જોવા મળ્યું હતું.

# હિંમતનગરની કોટ ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગતા કરોડોનું નુકસાન

## ૨૪ કલાકની મહેનત બાદ હિંમતનગર અને અમદાવાદ ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગરના મોતીપુરા વિસ્તારની જી.આઈ.ડી.સી.માં આવેલ મેડીકલ કોટન બનાવતી એક ફેક્ટરીમાં ગુરુવારે બપોરે અચાનક શોર્ટસર્કીટથી આગ લાગી હતી. ત્યારબાદ હિંમતનગર અને અમદાવાદ ફાયર બ્રિગેડે ૨૪ કલાકની મહેનત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. તેમ છતાં અંદાજે રૂ. ૫ કરોડનું નુકસાન થયાનું અનુમાન છે.

આ અંગેની વિગત એવી છે કે જી.આઈ.ડી.સી.માં આવેલ મેડીકલ કોટન બનાવતી શુભમ ઈન્ડસ્ટ્રીઝમાં ગુરુવારે બપોરે અચાનક શોર્ટ સર્કીટથી આગ લાગી હતી. જેના કારણે ઈન્ડસ્ટ્રીઝમાં સંગ્ર કરાયેલ કોટન સળગવા માંડ્યું હતું. ત્યારબાદ તરત જ આગને બુઝાવવા માટે શુભમ ફેક્ટરીના જીતુભાઈ ડોડીયાએ તરત જ હિંમતનગર ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડે આવી પાણીનો મારો ચલાવ્યો હતો. તેમ છતાં આગ પર કાબુ ન મેળવી શકાતા અમદાવાદ ફાયર બ્રિગેડને જાણ કરીને બોલાવાઈ હતી. ત્યારબાદ બંને ટીમોએ શુક્રવારે બપોર સુધી પાણીનો મારો ચલાવી મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. તેમ છતાં અંદાજે ૫ કરોડનું નુકસાન થયાનું ફાયર બ્રિગેડનું કહેવું છે.

# સાબરકાંઠા જિલ્લામાં મતદાન દરમિયાન ૩ હજારથી વધુ પોલીસ ફરજ બજાવશે

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લા પંચાયત, ૮ તાલુકા પંચાયત અને હિંમતનગર નગરપાલિકાની તા. ૨૯મી નવેમ્બરે યોજાનાર ચૂંટણી દરમિયાન તમામ મતદાન મથકો પર મતદારો શાંતિપૂર્ણ રીતે મતદાન કરી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા અગમચેતીના પગલાં લેવાયા છે. જેમાં પોલીસ દ્વારા તમામ મતદાન મથકો પર ૩ હજારથી વધુ એસ.આર.પી. તથા હોમગાર્ડ્ઝ અને સી.એ.પી.એફ. તથા રાજસ્થાનની પોલીસને શનિવારે રાતથી જ નિર્ધારીત સ્થળે ફરજ પર તૈનાત કરી દેવામાં આવશે.

**૧૩૪૬ હથિયાર જમા લેવાયા**

ચૂંટણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ૧૩૪૬ લાયસન્સ ધારકોને તેમના હથિયાર જમા કરાવવા માટે આદેશ કરાયા હતા. જેથી તેમના હથિયારો સ્થાનિક કક્ષાએ જમા કરાવી દીધા છે. ઉપરાંત પોલીસ તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૦૫૬૫ વાહનોની ચકાસણી કરવામાં આવી હતી તેમજ ૪૦૧ને વોરંટ બજાવવામાં આવ્યા હતા. ઉપરાંત અટકાયતી પગલારૂપે ૮૦૧ લોકોની અટકાયત કરી લેવામાં આવી છે.

આ અંગે જિલ્લા પોલીસ વડા પી. એલ. માલના જણાવ્યા મુજબ જિલ્લામાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા રાજસ્થાન આર્મ્ડ પોલીસની એક કંપની (૧૦૦ જવાન), સેન્ટ્રલ આર્મ્ડ પેરામિલેટરીની એક કંપની, એસ.આર.પી.ની એક કંપની તથા જિલ્લાના ૧૩૩૨ પોલીસ જવાનોને જવાબદારી સોંપાઈ છે. ઉપરાંત ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૪ ડી.વાય.એસ.પી., ૯ પોલીસ ઈન્સ્પેક્ટર, ૩૦ પી. એસ. આઈ. અને ૧૯૦૦ હોમગાર્ડઝ અને ગ્રામ રક્ષક દળના જવાનો ફરજ બજાવશે.

# અરવલ્લીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં દારૂની રેલમછેલ

## મોંઘવારી, વિકાસ, સ્વચ્છતાના મુદ્દાઓ કોરણે મુકાયા મતદારોને રીઝવવા પોટલીઓ પકડાવી

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં તાલુકા અને જિલ્લા પંચાયતની સાથે મોડાસા નગરપાલિકાની આગામી ૨૯ નવેમ્બરે યોજાનારી ચૂંટણીઓમાં ઉમેદવારોએ ચૂંટણી પ્રચારનો પૂરજોશ સાથે જિલ્લાના પ્રજાજનોને યેનકેન પ્રકારે રીઝવવા મથામણમાં પડ્યા છે. પ્રજાજનોને પડતી પારાવાર મુશ્કેલી સાથે સાથે મોંઘવારી, વિકાસ, સ્વચ્છતાના મુદ્દાઓ કોરણે મુકી ઉમેદવારો દ્વારા મત મેળવવા તેમના વિસ્તારોમાં દારૂની રેલમછેલ કરી હોય તેમ દેશી દારૂ અને વિદેશી દારૂ દ્વારા રીઝવવા પ્રયત્નો હાથ ધર્યા છે.

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી આગામી ૨૯ નવેમ્બરના રોજ યોજાઈ રહી છે. ત્યારે સ્થાનિક પ્રશ્નોની વાતો મતદારો અને ઉમેદવારો ભૂલી જઈને ઉમેદવારો દ્વારા શહેરો અને ગામડાઓમાં મોટાભાગના મતદારોને રીઝવવા દસ રૂપિયાની દેશી દારૂની પોટલીઓ, બીયર, ઈંગ્લીશ દારૂની બોટવલો જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વિવિધ સમાજ પ્રમાણે દારૂની રેલમછેલ કરાઈ રહી હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યુ હતુ. ઉમેદવારો દ્વારા



ચૂંટણીઓમાં મત મેળવવા અને વિજય પ્રાપ્ત કરવા જિલ્લાના યુવાધન પેઢીમાં દારૂ વહેંચી યુવાધનને ખતમ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જિલ્લાના મતદારોમાં મોટાભાગના મતદારો વિકાસ, સ્વચ્છતા અને મોંઘવારી મુદ્દાઓ ભુલી દારૂમય બની ગયા છે. જીલ્લામાં ચૂંટણી લડતા ઉમેદવારો દ્વારા રૂપિયાની થેલીઓ ખુલ્લી રાખી દેવામાં આવી છે. રાજકીય પક્ષો દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા માટે લોકસંપર્ક ધરાવતા અને સ્વચ્છ છબી ધરાવતા ઉમેદવારોને બદલે પૈસા ખર્ચી શકે તેવા ઉમેદવારો પસંદ કર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. પૈસાથી ચૂંટણી ટીકીટ ખરીદી લાવેલા ઉમેદવારો પૈસાના જોરે મત મેળવવા અને ચૂંટાવવા યેનકેન પ્રકાર સામ-દામ-દંડની નિતી અપનાવી રહ્યા છે. જિલ્લાના સ્વચ્છ છબી ધરાવતા મતદારોમાં તેમના વિસ્તારોમાં થતી દારૂની રેલમછેલથી રોષ ફેલાયો છે. મોડાસા શહેરના માલપુર રોડ પર સ્ટેટબાંકની બાજુમાં જાહેર વિસ્તારમાં બુધવારે રાત્રે ખુલ્લેઆમ દારૂની બોટલો ગટગટાવી નાખી દીધેલી નજરે પડી રહી છે.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ દારૂની લહાણી ઉમેદવારોના ટેકેદારો દ્વારા મતદારોને કરવામાં આવી રહી છે. મત મેળવવાની લ્હાયમાં યુવાધનની બરબાદી થઈ રહી છે ત્યારે જિલ્લા પોલીસતંત્ર અને વહિવટીતંત્ર દ્વારા દારૂની રેલમછેલ અટકાવવામાં આવે તેવી પ્રજાજનોમાં ભારે માંગ ઉઠી છે.

# અરવલ્લી જિલ્લાના અતિસંવેદનશીલ મતદાન કેન્દ્રો પર વિડીયોગ્રાફી કરાશે

## ચૂંટણીકાર્ડ સીવાય અન્ય ૧૫ માન્ય પુરાવાના આધારે મતદાન કરી શકાશે : જિલ્લામાં નોંધાયેલ ૬.૪૬ લાખ મતદારો : ૬૩૩૮ કર્મીઓ ફરજ બજાવશે

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લા અને તાલુકા પંચાયતો સહિત મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કલેક્ટર અને ચૂંટણી આયોગના પ્રતિનિધિ અધિકારી એસ. છાકછુઆક દ્વારા જણાવાયું હતું. જ્યારે જરૂરી સૂચનાઓ માટે રાજકીય પક્ષોના અગ્રણીઓ સાથે અગત્યની બેઠક યોજી હતી.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં માહિતી પુરી પાડતા જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે જિલ્લા, તાલુકા અને પાલીકાની ચૂંટણીમાં મતદાન કરવા માટે મતદારે ઓળખપત્ર રજુ કરવું ફરજિયાત છે.

મોટાભાગે મતદાન માટે ચૂંટણી ઓળખપત્રનો ઉપયોગ જરૂરી હોય છે. પરંતુ રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી આ ચૂંટણીઓમાં મતદાન માટે ચૂંટણી ઓળખપત્ર રજુ નહી કરી શકનાર મતદાર આયોગ દ્વારા માન્ય ઠરાવેલા અન્ય ૧૫ પુરાવાઓ પૈકીનો કોઈપણ એક પુરાવો રજુ કરી મતદાન કરી શકશે. જિલ્લા કલેક્ટરે વધુમાં જણાવ્યું હતું કે જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં બેઠક દીઠ એક જ ઉમેદવાર ચૂંટવાનો હોઈ ખાસ પ્રશ્ન રહેશે નહી પરંતુ મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં એક વોર્ડમાંથી ચાર ઉમેદવારોની ચૂંટણી કરવાની હોઈ મત આપવા અંગે

**અરવલ્લીમાં મતદાન માટે માન્ય કરાયેલ ઓળખ પુરાવા**

(નીચેના પૈકી કોઈપણ એક)

- ચૂંટણી કારાડ (ઈપીઆઈસી)
- ફોટા સાથેનો પાસપોર્ટ
- પાન કાર્ડ
- કર્મચારી ઓળખપત્ર (સરકારી કે પબ્લિ. કંપની)
- ફોટા સાથેનું પાસબુક (રાષ્ટ્રીયકૃત બેંક પોસ્ટ ઓફીસ કે પ્રબ્લિક સેક્ટર બેંક)
- ફોટા સાથેના મિલકતના દસ્તાવેજ
- સમક્ષ અધિકારીનું જાતિ અંગેનું ફોટા સાથેનું પ્રમાણપત્ર
- ફોટા સાથેનું પેન્શન પ્રમાણપત્ર
- સ્વતંત્રતા સૈનિકના ફોટા સાથેનું ઓળખકાર્ડ
- ફોટા સાથેનું હથીયાર લાયસન્સ
- ફોટા સાથેનું વિકલાંગ પ્રમાણપત્ર (સક્ષમ અધિકારી)
- ફોટા સાથેના જોબકાર્ડ (એનઆરઈજીએસ યોજના હેઠળ)
- રાજ્ય વીમા યોજનાનું ફોટા સહિત ઓળખકાર્ડ
- નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર સ્કીમ હેઠળનું સ્માર્ટ કાર્ડ
- આધારકાર્ડ

મતદારોમાં જુદી જુદી ગેરસમજ ઉભી કરવામાં આવે છે. ત્યારે પાલીકાની ચૂંટણીમાં કોઈપણ મતદાર તેના વોર્ડની ચૂંટણીમાં કોઈપણ એક, બે, ત્રણ કે ચાર ઉમેદવારોને મત આપી શકશે. વધુમાં વધુ ચાર મત આપી શકાશે. મતદારે પોતાની પસંદગીના ઉમેદવારને મત આપ્યા પછી કે નોટાનું બટન દબાવ્યા પછી આપેલ મતના રજીસ્ટ્રેશન માટે ઈવીએમમાં દર્શાવેલ પીળા કલરનું બટન દબાવી મત રજીસ્ટર કરાવવો આવશ્યક છે.

અધિક કલેક્ટર ચીરાગ ચાવડાએ ચૂંટણીલક્ષી માહિતી પુરી પાડતા જણાવ્યું હતું કે જિલ્લાના ૯૩૮ મતદાન મથકો પૈકીના ૧૭૭ અતિ સંવેદનશીલ અને ૨૧૧ સંવેદનશીલ મતદાન મથકો ઉપર મતદાન દરમ્યાન વીડીયોગ્રાફી કરાવાશે અને ન્યાયપૂર્ણ રીતે શાંતીભર્યા માહોલમાં ચૂંટણી યોજવા ૬૩૩૮ કર્મચારીઓ સહિત ૪૧૨૭ સુરક્ષા જવાનો મતદાનના દિવસે ફરજ બજાવશે.

# બનાસ ડેરીની ચૂંટણી માટે ૧૦ ઉમેદવારીપત્રો ભરાયા

બનાસકાંઠાની બનાસડેરીની ચૂંટણી આગામી ૧૫મી ડિસેમ્બરે યોજાનાર છે. બન્ને પક્ષે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે પોતાના ઉમેદવારોની ઉમેદવારી નોંધાવી છે. બનાસ ડેરીની ચૂંટણીમાં કાંકરેજમાંથી કુલ ૧૦ ફોર્મ ભરાયા હતા. જેમાં ગતરોજ ચાર અને આજે ૬ ઉમેદવારોએ મળી કુલ ૧૦ ફોર્મ નોંધાવ્યા હતા. બનાસકાંઠાના અગ્રણી અણદાભાઈ પટેલે પણ વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી અને બાદમાં થરા ખાતે પહોંચી જાહેરસભાને સંબોધી હતી. દિયોદર મામલતદાર કચેરી ખાતે આજે કોંગ્રેસ પક્ષમાંથી શિવાભાઈ ભુરીયાએ પોતાના સમર્થક સાથે આવી પરથી ભટોળની પેનલમાં જોડાઈ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. કાર્યક્રમમાં કોંગ્રેસના બી.કે. જોષી, ભરતસિંહ વાઘેલા, નરસિંહભાઈ દેસાઈ, માવજીભાઈ દેસાઈ વગેરે હાજર રહ્યા હતા. ભાજપમાંથી શંકર ચૌધરીની પેનલના ઉમેદવાર તેજાભાઈ વિરભણભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. તેમના સમર્થકો રમેશ ચૌધરી, ઈશ્વરભાઈ તરક, પરાગભાઈ જોષી, મલાભાઈ પટેલ હાજર રહ્યા હતા.

# લાયન્સ ક્લબ ઑફ હિંમતનગર ડીવાઈન દ્વારા ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

લાયન્સ કલબ ઑફ હિંમતનગર ડીવાઈન તથા ઝાંઝરી માતાજી મંદિર રૂપાલ દ્વારા તાજેતરમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ તથા રક્તદાન કેમ્પ મંદિરના પરિસરમાં યોજાયો હતો. જેમાં આંખ, દાંત, બ્લડપ્રેશર તથા મહારોગ ડાયાબીટીસ ચેકઅપ કેમ્પમાં ૮૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો તથા ૫૧ બોટલ યુનિટ એકત્રિત કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૨૦૦ જોડી ચશ્મા તથા દવા તથા ફ્રી મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા લા. બ્રિજેશ પટેલ, નીતિનભાઈ, ડી. એલ. પટેલ, રમેશભાઈ, કે. પી. પંડ્યા તથા રૂપાલ ઝાંઝરી મંદિરના ટ્રસ્ટી નવીનચંદ્ર શાહ સહિત અન્ય વ્યક્તિઓએ ભારે જહેમત ઉઠાવી હતી.